
# ગાંધીનગરના બે વિશિષ્ટ સ્પર્ધકો રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધા માટે પસંદ

## રાજ્યના ૧૫૦ સ્પર્ધકો સાથે સ્પર્ધા કરી ગુજરાતની ટીમમાં સ્થાન મેળવ્યું





ગાંધીનગર, તા. ૨૭

સૉફ્ટબૉલની રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધા માટે ગુજરાત રાજ્યની ટીમમાં ગાંધીનગરના બે માનસિક વિશિષ્ટ સ્પર્ધકો પસંદગી પામ્યા છે.

જૂન માસની શરૂઆતમાં પેટલાદ ખાતે યોજાયેલ છ દિવસીય કૅમ્પમાં તાલીમ બાદ આ બે સ્પર્ધકો - સુનિલ બેચરભાઈ પટેલ અને અમીત ભીખાભાઈ વાલેરાની નેશનલ કોમ્પીટીશન માટે પસંદગી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ કૅમ્પમાં રાજ્યના ૧૫૦ જેટલા વિશિષ્ટ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જે પૈકી ગાંધીનગરના આ બે સ્પર્ધકોએ ટીમમાં પસંદગી મેળવીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું. તાલીમ કૅમ્પમાં તેમની સાથે કોચ તરીકે નવજીવન ઍજ્યુકેશન ટ્રસ્ટના શિક્ષક ભોળાભાઈ પટેલ ગયા હતા.


# ગાંધીનગર જમ્પ રોપ રમતનો રેફિ સેમિનાર યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા જમ્પ રોપ એસોસિએશન દ્વાર અમર સ્પોર્ટસ અને ગુજરાત એકેડેમીના સહયોગથી પ્રેરણા વિદ્યાલય ખાતે જમ્પરોપ (દોરડા કૂદ) રમતનો જિલ્લા કક્ષાનો રેફિ સેમિનાર યોજાઈ ગયો.

આ સેમિનાર ઉદઘાટન પ્રસંગે પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, રમતજગત સામાયિકના તંત્રી ભુપેન્દ્રભાઈ ક્ષત્રિય, પ્રેરણા વિદ્યાલયના આચાર્યા સ્વાતિબા રાઓલ, સ્પોર્ટસના રવિન્દ્રસિંહ રાજસી, અને ગાંધીનગર જિલ્લા રમતગમત પ્રશિક્ષણ કેન્દ્રના કોચ કૌશિક પટેલ, જમ્પ રોપ એસો. ઓફ ગુજરાત સ્ટેટના ચેરમેન ધર્મેશભાઈ પરમાર અને પ્રમુખ દિવ્યેશ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે યાદશક્તિ વધારવાના વૈદિક ઉપાય અંગે કાર્યશાળા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૮

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, સરગાસણ ખાતે તાજેતરમાં વર્કશૉપ ઑન વૈદિક વે ફોર ઈમ્પ્રુવીંગ મેમરી એન્ડ ગ્રાસ્પીંગ પાવરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વૈદિક મહાસભા દ્વારા યોજાયેલા આ વર્કશૉપમાં વિષય નિષ્ણાત અરવિંદભાઈ રાણાએ મુખ્ય પ્રશિક્ષક તરીકે સેવાઓ પ્રદાન કરી હતી. આ ઉપરાંત વૈદિક પ્રચારક અવધેશપ્રસાદ પાંડેય, સંજયભાઈ પાટડીયા તથા મહેન્દ્રભાઈ ગાંધીએ પણ વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો લાભ આપ્યો હતો.

આ વર્કશૉપના સમાપન પ્રસંગે ગુજરાત માધ્યમિક શિક્ષણ બૉર્ડના ચેરમેન આર આર વરસાણી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સમજ્યા વગર ભણીને માર્ક્સ મેળવવા નકામું છે. વિદ્યાર્થીઓને જ્યારે વર્ગમાં કોઈ વિષય સમજમાં ન આવે તો તરત જ શિક્ષકને પૂછીને સમજી લેવા તેમણે શીખામણ આપી હતી. શિક્ષકોને પણ આવા પ્રસંગે વિદ્યાર્થીને પ્રેમપૂર્વક સમજાવવા કહ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે જે વિષયમાં આપણો પાયો પાકો હોય, સિદ્ધાંતો સ્પષ્ટ હોય તે વિષય આપણને સરળતાથી યાદ રહી જાય છે. એટલે દરેક વિદ્યાર્થીએ પાયો પાકો કરવો જોઈએ.

વિષય નિષ્ણાત અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં અભ્યાસમાં સફળતા પ્રાપ્ત કરવાના પાંચ સિદ્ધાંતો ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને સફળતા મેળવવા મનમાં અભ્યાસ પ્રત્યે તીવ્ર ઈચ્છા ઉત્પન્ન કરવા, અભ્યાસમાં ઉપયોગી તમામ સાધનો એકત્રિત કરવા, તેનો ઉચિત ઉપયોગ કરવા, અંતિમ પરિણામ ન મળે ત્યાં સુધી સતત પુરુષાર્થ કરતા રહેવા તથા પુરૂષાર્થ કરતાં જે મુશ્કેલીઓ આવે તેને પ્રસન્નતાપૂર્વક સહન કરવા અનુરોધ કર્યો હતો. માતા-પિતા તથા શિક્ષકોના આદેશોનું પૂર્ણ શ્રદ્ધાથી યથાવત પાલન કરવા પ્રેરણા આપી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં શાળા ટ્રસ્ટના પ્રમુખ વી વી વૈષ્ણવે પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ૨૦૦૫થી આ પ્રકારની શિબિરોનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓને તેનાથી ઘણો લાભ થયો છે. આજે વિદ્યાર્થીઓ ગળાકાપ સ્પર્ધાને કારણે તણાવમાં રહે છે. આવા સમયે તેમને એકાગ્રતા સંપાદિત કરી કેવી રીતે વિષય વધારે સારી રીતે સમજી શકાય, તણાવ ઉત્પન્ન ન થાય તે માટે શું કરવું જોઈએ, અઘરા વિષયને કેવી રીતે સરળતાથી સમજી શકાય વગેરે જેવું સચોટ માર્ગદર્શન મળે તે હેતુથી આ પ્રકારના વર્કશૉપનું આયોજન કરવું જરૂરી છે.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના મેનેજિંગ ટ્રસ્ટી એમ કે દલસાણિયાએ આ વર્કશૉપ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે ધોરણ ૧૦માં અભ્યાસ કરતા બાળકો પરીક્ષામાં સારું પરિણામ મેળવી શકે તથા તેઓની સર્વાંગી ઉન્નતિ થાય તે હેતુથી આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશૉપમાં વિદ્યાર્થીઓને વર્ગખંડમાં અભ્યાસ કરવાની રીત, વિદ્યા પ્રાપ્ત કરવાનાં આઠ સોપાનો, આત્મનિરીક્ષણ દ્વારા પોતાના દૈનિક કાર્યનું સતત અવલોકન કરવાની રીત, પ્રાણાયામથી બૌદ્ધિક તથા માનસિક શક્તિઓનો વિકાસ વગેરે જેવા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી અનેક વિષયો સંબંધિત પ્રેરક માર્ગદર્શન આપ્યું તું. આગામી દિવસોમાં ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે તણાવમુક્ત રહેવાના વૈદિક ઉપાયો સંબંધિત એક દિવસીય સત્રનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓને કેવી રીતે મહત્તમ લાભ આપી શકાય તેની સતત કાળજી લેવામાં આવે છે.

સમગ્ર વર્કશોપની વ્યવસ્થા શાળાનાં મુખ્ય શિક્ષિકા પ્રવીણાબેન પટેલ દ્વારા કરવામાં આવી હતી. સમાપન સમારોહનું સફળ સંચાલન શિક્ષિકા દિપ્તીબેને કર્યું હતું. સમાપન પ્રસંગે ધોરણ-૧૦ ઉપરાંત ધોરણ-૯ના વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહી જ્ઞાનાર્જન કર્યું હતું.

## નિલદીપ કોમર્સ કોલેજ સામે સરકારમાં ફરિયાદ

અમદાવાદ, તા. ૨૭

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન નવદીપ કોમર્સ કોલેજના ટ્રસ્ટીઓએ બે વર્ષમાં કોલેજનું મકાન બનાવવાની બાયેંધરી આપ્યા બાદ હજી સુધી મકાન ન બનાવી નિયમોનો ભંગ કર્યો હોઈ ચાલુવર્ષે આ કોલેજમાં પ્રવેશ અટકાવી દેવા ફરિયાદ કરી છે. બીજીબાજુ કોલેજના ટ્રસ્ટીઓ કહે છે કે યુજીસીના નિયમ મુજબ પાંચ વર્ષ સુધી કોલેજ ચલાવી શકાય. ગુજ. યુનિ. પુર્વ કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ ગઈકાલે પદ છોડતા જ પ્રો. સૌરભ ચોકસી મામલે વિવાદ વકર્યો છે. યુનિવર્સિટી સીન્ડીકેટ સભ્ય ગીરીશભાઈ ચૌધરીએ શિક્ષણમંત્રીને ફરિયાદ કરી છે કે ગુજ. યુનિ. સંલગ્ન નિલદીપ કોમર્સ કોલેજના ટ્રટીઓએ છેતરપિંડી કરી હોઈ તેમાં ચાલુવર્ષે પ્રવેશ અટકાવી દેવામાં આવે. આ કોલેજના ટ્રસ્ટીઓએ બે વર્ષમાં પોતાનું મકાન બનાવવાની બાયેંધરી આપી હતી પરંતુ આ નિયમનું પાલન કર્યુ નથી. અરજીમાં આ જમીન ટ્રસ્ટીની નહી હોવાની પણ રજુઆત છે. બીજી બાજુ સીન્ડીકેટ સભ્ય અને કોલેજના ટ્રસ્ટીએ જણાવ્યું હતું કે ફરિયાદ પાયાવિહોણી છે. આ જમાન ટ્રસ્ટની જ છે અને યુજીસીના નિયમ મુજબ પાંચ વર્ષમાં કોલેજનું મકાન બનાવી શકાય છે.

# ગુજરાત વિદ્યાપીઠ દ્વારા અધ્યાપકો માટેની મૈત્રી શિબિર યોજાઈ

## અમદાવાદ, સાદરા અને રાંધેજાના શિક્ષકોએ ભાગ લીધો



શ્રી નારાયણભાઈ દેસાઈના માર્ગદર્શન નીચે ૧૦ દિવસ માટે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય-વેડછી ખાતે ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદ, રાંધેજા અને સાદરાના મહાવિદ્યાલયોના ૩૦ અધ્યાપકો માટેની મૈત્રિ શિબિર યોજાઈ. પ્રાર્થના, કાંતણ, ઉત્પાદક - સમૂહચર્ચા, મૂલ્યાંકનસભા જેવા શિબિરના વિવિધ અંગો હતાં.

મૈત્રિ શિબિરના દસ દિવસ દરમ્યાન દરરોજ સવારે ૬ થી ૭ સુધીમાં કુલપતિ શ્રી નારાયણભાઈ દેસાઈએ ગાંધીજીનું શિક્ષણ, દક્ષિણ આફ્રિકામાં શિક્ષણનું ઘડતર, શિક્ષણના પ્રયોગો, નઈતાલીમના ઉદ્‌ભવ, પિતા મહાદેવભાઈ દેસાઈ દ્વારા પુત્ર શ્રી નારાયણભાઈ દેસાઈના શિક્ષણની શરૂઆત, ઉદ્યોગ-પ્રકૃતિ-સમાજ અને તત્વ-મૂલ્યો વિષયક વિગતે માહિતી પુરી પાડી. આ ઉપરાંત બૌદ્ધિક સત્રમાં બીજા તત્વ ચિંતકોમાંના જ્યોતિભાઈએ શિક્ષણમાં પ્રયોગો વિશે, નિરંજનાબેને છાત્રાલયમાં વિદ્યાર્થી ઘડતર, ડૉ. સુરેન્દ્ર ગાડેકરે ઊર્જા બચત વિશે, ડૉ. નિરંજનભાઈએ લોકગીત, લોકવિદ્યાના ગીતો ગાઈ ભારતીય સંસ્કૃતિની યાદ તાજી કરાવી, પ્રો. અનિલ ગુપ્તાએ વ્યવસ્થાપન ઉપર, ડૉ. ઉમાબેને સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયની ઓળખ કરાવી, ડૉ. વિનુભાઈએ વનઔષધોની ઓળખ-ઉપયોગ વિશે, ડૉ. સુદર્શનભાઈ આયંગારે રાષ્ટ્રીય શિક્ષણનું દર્શન અને ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીએ સજીવ ખેતીના મહત્વ વિશે વાર્તાલાપ કર્યો.


મૈત્રિશિબિરની વિશિષ્ટ આંખે વળગે તેવી પ્રવૃત્તિ હોય તો તે દસ દિવસ દરમ્યાન અધ્યાપકો દ્વારા દરરોજ એક કલાક સફાઈ-શ્રમકાર્ય થયું તે છે, જેમાં રસોઈ કરવા માટે લાકડાં વીણીને એકઠાં કરવાં, લાકડાં ફાડવાં, ઊભાં ઝાડુ બનાવવાં, શાકભાજી સમારવી, ઘઉં-ચોખામાંથી કાંકરી વીણવી, રસોડાનાં નાનાં-મોટાં વાસણો સાફ કરવાં, રસોઈ પીરસવી, જાતે કપડાં ધોવાં. પૂર્ણાહૂતિ પ્રસંગે અધ્યાપકોએ પ્રતિભાવો આપ્યા જેમાં ગૌ-સંવર્ધન કેન્દ્ર-સાદરાના પ્રા. રમેશભાઈ પટેલે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે ગૂજરાત વિદ્યાપીઠનું શિક્ષણ વર્ગખંડના શિક્ષણ પુરતુ મર્યાદિત નથી, પરંતુ પ્રાર્થના, કાંતણ, ખાદી પરિધાન, સમૂહજીવન, શ્રમ-સફાઈ, પ્રવાસ-પર્યટન અને ગૃહકાર્ય સાથેનું શિક્ષણ છે. કૂવામાં હોય તો હવાડામાં આવે કહેવત મુજબ આ મૈત્રિ શિબિરે અધ્યાપકોના કૂવા ભરી દીધા છે. અન્ય યુનિવર્સિટીના અધ્યાપકોએ સ્વાવલંબી જીવન જીવતાં શીખવું હોય તો એક વખત સંપૂર્ણક્રાંતિ વિદ્યાલય વેડછીમાં મૈત્રિ શિબિરમાં ભાગ લેવા જેવો ખરો.

# 'વૈષ્ણવજન' આચારસંહિતા બને તો...

આજે જ્યારે દેશમાં ભય, ભૂખ, ભ્રષ્ટાચાર, હિંસા, વ્યાભિચાર, અધર્મ અને અનીતિ જેવાં દૂષણોના પ્રભાવને કારણે બનતી અવાંચ્છનીય ઘટનાઓથી વર્તમાનપત્રો ઊભરાતાં હોય ત્યારે આપણા દેશની સંસ્કૃતિને સુરક્ષિત રાખવા આપણા પૂર્વ પુરુષોએ પ્રસ્થાપિત કરેલા ઊંચા જીવનમૂલ્યોનો અભ્યાસ અને આચરણ અત્યંત આવશ્યક બની જાય છે. આ દૃષ્ટિએ ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતાનાં ઉચ્ચ જીવન મૂલ્યોની સ્થાપના કરનારાં પદોનું મૂલ્ય ઘણું છે. તેમાં પણ 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' એ પદ તો લોકજીવનની આચાર સંહિતા સમાન છે. એટલે જ તો એ સત્ય અને અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીનું પ્રાણપ્રિય પ્રાર્થનાગીત બની રહેલું. પ્રસ્તુત ભક્તિગીતમાં જેના આત્માનો પૂર્ણ વિકાસ થયો છે એવા સદ્‌ચરિત્ર પુરુષનું જીવન અને આચરણ કેવું હોય તેનો ગ્રાફ રજૂ થયો છે.



વિષ્ણુ શબ્દમાંથી બનેલો વૈષ્ણવ શબ્દ વિષ્ણુ જેટલો જ વ્યાપક અર્થ ધરાવે છે. વૈદિક યુગના જેટલા દેવતાઓ હતા તેમાંથી એક વિષ્ણુ જ એવા દેવતા ઝે જે આજે પણ સમાજમાં પ્રતિષ્ઠિત છે અને સર્વત્ર પૂજાય છે. મહાન દેવતાના ભક્ત પણ મહાન જ હોય. એવા મહાન પુરુષનાં લક્ષણોનું નિરૂપણ ભક્ત અને જ્ઞાની કવિ નરસિંહ મહેતાએ 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' એ પદમાં સુપેરે કર્યું છે અને તેનો મહિમા પણ ગાયો છે. પ્રસ્તુત પદમાં વૈષ્ણવજનની વ્યાખ્યા કરતાં તેઓ કહે છે, જે પારકી પીડાને સમજે, તેનું દુખ દૂર કરી પરોપકાર કરે છતાં મનમાં અભિમાનનો ભાવ ન લાવે તે વૈષ્ણવજન. આગળ તેઓ જણાવે છે કે જેને બધાને માટે પ્રેમ છે, જે બધાને વંદન કરે છે અને કોઈની પણ નિંદા કરતો નથી તેમજ જેની વાણી, કાયા અને મન નિશ્ચલ છે તે તો ધન્ય છે જ, તેની જનની પણ ધન્ય છે. વળી, તે સમદૃષ્ટિવાળો, તૃષ્ણાનો ત્યાગ કરનાર, પરસ્ત્રીને માતા સમજનાર, પરધનને સ્પર્શ ન કરનાર, મોહમાયાથી દૂર રહેનાર, પરમ વિરક્ત અને પ્રભુ સેવામાં લીન રહે છે. આવા મનુષ્યમાં બધા દેવતાઓનો વાસ હોય છે. તે તીર્થ સમાન છે. વળી, તે લોભ વિનાનો, કપટ વિનાનો અને કામ તેમજ ક્રોધથી પર છે. નરસિંહ મહેતા તેનો મહિમા કરતાં કહે છે કે આવા મનુષ્યનું



દર્શન કરનારની ઈકોતેર પેઢી તરે છે, અર્થાત્ ઈકોતેર પેઢી સાથે તેની પણ મુક્તિ થાય છે. નરસિંહ મહેતાએ કરેલું વૈષ્ણવજનનું કથન અને તેના મહિમાનું વર્ણન ગુજરાતી સાહિત્યનો અમર વારસો અને ગુજરાતીઓનું અમૂલ્ય ઘરેણું છે. વળી, તેમાં ભારતીય સંસ્કૃતિના આચારધર્મની ઉજ્જવળ પરંપરા નવો અવતાર પામી છે.

આપણી પ્રાચીન પરંપરામાં જોઈએ તો શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉત્તમ મનુષ્યની આચારસંહિતાનો આદિ ગ્રંથ છે. તેમાં ૧૨મા અધ્યાયના ૧૩થી ૨૦ શ્લોકોમાં જે ભગવદ્‌ભક્તનાં લક્ષણો અપાયાં છે, તેમાં મોટાભાગનાં વૈષ્ણવજનનાં લક્ષણોનો સમાવેશ થઈ જાય છે. આ ઉપરાંત બીજા અધ્યાયના ૫૪થી ૭૨ શ્લોકોમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો, ૧૩મા અધ્યાયમાં જ્ઞાની પુરુષનાં લક્ષણો અને ૧૪મા અધ્યાયમાં ત્રિગુણાતીત પુરુષનાં લક્ષણો મળે છે. સંભવ છે કે આ બધાની સીધી કે આડકતરી અસર નરસિંહ મહેતા પર પડી હોય. એ સંશોધનનો વિષય છે. પ્રસ્તુત વાત એ છે કે જ્યારે સમાજમાં માનવતાનો દુકાળ પડ્યો હોય ત્યારે ૫૦૦ વર્ષ પહેલાં લખાયેલું નરસિંહ મહેતાનું આપદ કેટલા માણસાઈના દિવા પ્રગટાવી શકે તેમ છે તે વિચારણીય છે. વૈષ્ણવજનને ભારતીય સંસ્કૃતિની આચાર સંહિતા ગણી પ્રત્યેક પરિવારમાં સવાર સાંજ તેનો પાઠ થાય અને લોકો તેને પોતાના જીવનમાં ઉતારે તો ઉપર ગણાવ્યાં તે દૂષણોના પ્રભાવમાંથી જરૂર મુક્તિ મેળવી શકાય.

-પ્રૉ. ડૉ. અંબાલાલ પ્રજાપતિ

# કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

## ગાંધીનગરના એક અને માત્ર એક : હરેશ બાપુ

૧૯૮૬ ની એક ઘટના સ્મરણપટ પર અંકિત થાય છે. અમદાવાદના 'આવિષ્કાર' ગ્રુપને યુ.એસ.એ.માં લોકનૃત્યોના કાર્યક્રમો રજૂ કરવા જવાનું હોવાથી ખુશખુશાલ ખેલૈયાઓ, રીહર્સલની રમઝટ અને અમેરિકા જવાનો આનંદ, પછી પૂછવું જ શું? આ ગ્રુપના કલાકારોમાં ગાંધીનગરનો એક યુવાન પણ પસંદ થયો છે. રોજ અમદાવાદ રીહર્સલ માટે જવાનું, પરદેશ જવાનો ઉમંગ અને સ્વપ્નાઓ... પરંતુ કોણ જાણે જવાના બે દિવસ પહેલાં જ કુદરતી સંકેત કે અંતરદૃષ્ટિ વડે પરદેશ નથી જવું એવો આ યુવાન નિર્ણય કરે છે. જે ફ્લાઈટમાં 'આવિષ્કાર' ગ્રુપ જાય છે. તે પ્લેન હાઈજેક કરીને કરાંચી ઉતારવામાં આવે છે. જ્યાં કરૂણ દુર્ઘટના સર્જાય છે, જેમાં એક-બે કલાકારો જાન ગુમાવે છે અને કેટલાક ઘાયલ થાય છે. ઈશ્વરીય સંકેતથી છેલ્લી ઘડીએ પ્રવાસ છોડી દેનાર આ યુવાન એટલે ગાંધીનગરના રાસ-ગરબા, લોકનૃત્યોના માહિર, સાંઈબાબાના પરમ ભક્ત એવા શ્રી હરેશ મુળુભા રાઠોડ - ગાંધીનગરાઓનાં લાડીલા હરેશ બાપુ.

મિલનસાર અને હસમુખા હરેશ બાપુનો જન્મ તેમના વતન રાજકોટમાં, જ્યાં પાંચમા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. શાળાભ્યાસ દરમિયાન જ હરેશ બાપુએ રાસ-ગરબામાં ઊંડો રસ પડ્યો. નવરાત્રી દરમિયાન રાજકોટની શૅરીઓમાં યોજાતી ગરબીઓમાં તેઓ ઉત્સાહભેર ભાગ લેતાં થયા અને રાસ ગરબા ક્ષેત્રે એક ઉભરતાં કલાકારની કારકિર્દીથી શરૂઆત થઈ.

પિતાજીની સરકારી નોકરીને કારણે ૧૯૭૦ થી જ બાપુ ગાંધીનગરવાસી બન્યા અને સેકટર-૨૨ની સૅન્ટ ઝૅવિયર્સ સ્કૂલમાં ધોરણ-૬ થી અભ્યાસ શરૂ કર્યો. સીત્તેરના દાયકામાં ગાંધીનગરમાં રાસ-ગરબાની પ્રવૃત્તિઓ હજી જામી ન હતી. સેકટર-૨૦ માં યોજાતા શેરી ગરબામાં ભાગ લેવા હરેશ બાપુ સે-૨૯ના નિવાસથી ચાલીને સે-૨૦ સુધી જતાં અને રાસ રમતાં. ૧૯૭૫-૭૬ માં સેકટરના ચોકઠામાં યોજાતા રાસ-ગરબામાં 'બૅસ્ટ પ્રિન્સ'નો ખિતાબ અને રૂા. ૧૦૧/- નું ઈનામ જીતીને બાપુએ ગાંધીનગરમાં ધમાકેદાર એન્ટ્રી કરી.

સેકટર-૧૫ ની કૉમર્સ કૉલેજના અભ્યાસકાળ દરમિયાન રાસ-ગરબા ક્ષેત્રે થઈને આ ક્ષેત્રે વધુ ખેડાણ કરવા એક ગ્રુપ બનાવીએ એવું મિત્રો ધર્મેન્દ્ર તપોધન, કિશોર સુરતી, પ્રશાંત ભટ્ટ વિ. સાથે વિચાર્યું અને આ ગ્રુપે સૌ પ્રથમ સે-૨૨માં યોજાતા ગણેશોત્સવમાં રાસની રમઝટ બોલાવી. સૌરાષ્ટ્રની આકર્ષક અને ફાંકડી છટાથી રાસ રમતાં હરેશ બાપુને અમદાવાદનાં 'કંકણ' ગ્રુપમાં જોડાવાનું આમંત્રણ મળ્યું અને ઉપર દર્શાવેલ મિત્રો સાથે 'કંકણ' ગ્રુપમાં જોડાઈને અમદાવાદ, ભાવનગર, રાજકોટ વિ. જગ્યાએ જાણીતા ગાયક પ્રફુલ્લ દવે, વાદક હાજી રમકડું સાથે અનેક સ્ટૅજ સૉ કર્યા અને પ્રસિધ્ધિ મેળવતા ગયા.

૧૯૭૯-૮૦માં બાપુએ રાસ ગરબામાં પ્રયોગાત્મક અને ક્રિએટીવીટીના તત્વો સાથે ફિલ્મી ગીતો, 'કબૂતર જા જા જા...' વિ. ઉપર કોરીયોગ્રાફી કરી પોતાના નિપૂર્ણતા પુરવાર કરી. સહ કલાકારો અને મિત્રો - સી.એમ. પટેલ, મયંક દવે, નયન ઉપાધ્યાય, જગતસિંહ ઝાલા વિ. એ સાથે મળીને કેટલીક સુંદર પ્રસ્તુતિ પણ કરી હતી.

ગાંધીનગરની સંસ્થા 'સુરમધુર' સાથે ૧૯૮૦થી ૮૫ના વર્ષોમાં અલ્હાબાદ, હૈદરાબાદ, જયપુર, ઉદેપુર, દીવ વિ. જગ્યાએ યોજાયેલ કાર્યક્રમોમાં હરેશ બાપુએ ભાગ લીધો. આમ રાસ-ગરબાક્ષેત્રએ બાપુનું નામ અને કામ પ્રસરી ગયું. રાસ-ગરબા ક્ષેત્રનો ગાંધીનગરમાં હવે સારો વિકાસ થયો હોવાથી અનેક ગ્રુપો આ કલાપ્રવૃત્તિમાં જોડાયા. દેવેયાનીબહેન આચાર્યનું 'ગુંજન', મુક્તિ વૈષ્ણવનું 'મૃદંગ', જગતસિંહ ઝાલાનું 'રંગોલી' અને એ પછી શરૂ થયેલા ગ્રુપો ઉત્સવ, મલ્હાર, વેભુભારતી વિ. મોટાભાગના ગ્રુપોના ખેલૈયાઓને તાલીમ અને માર્ગદર્શન આપવા બાપુ પ્રેમથી પહોંચી જતા. વિલંબિત તાલ પર પોરબંદરના મેર રાસની માસ્ટરીથી હરેશ બાપુએ અનેક ગ્રુપમાં વિલંબિત રાસ તૈયાર કરાવ્યા. જિલ્લા અને રાજ્યકક્ષાએ વીનર બનીને ગાંધીનગરનું નામ ઝળકતું રાખવામાં હરેશ બાપુનો સિંહ ફાળો છે. હરેશ બાપુના શિષ્યોના ખૂબ આગ્રહથી, ગાંધીનગરના જુવાનીયાઓએ ૧૯૯૫માં સ્થાપેલી કલાસંવર્ધન સંસ્કૃતિ માટેની સંસ્થા 'અવસર કલા મંદિર'નું સ્થાપનાથી જ માનદ્ અધ્યક્ષપદ બાપુ શોભાવે છે. હરેશ બાપુના નેજા નીચે અવસરના કલાકારોએ સાઉથ એશિયન ફેડરેશન ગેમ્સના ઉદ્ઘાટન સમારોહમાં મદ્રાસ ખઆતે - ૧૯૯૫, નેશનલ કલ્ચરલ ફેસ્ટીવલ ૧૯૯૭, રીપબ્લીક ડે પરેડ, ન્યુ દિલ્હી - ૧૯૯૮, કચ્છ ઉત્સવ - ૧૯૯૯, રાષ્ટ્રીય યુવક મહોત્વસ, મધ્યપ્રદેશ - ૧૯૯૯, સંસ્કૃતિ કુંજ, તરણેતરના મેળામાં એવા વિવિધ રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાના કંઈ કેટલાય સાંસ્કૃતિક મહોત્સવોમાં ગાંધીનગરનું નામ ગુંજતું કર્યું છે. બાપુના શિષ્યોની યાદી તૈયાર કરીએ તો પાનાઓ ભરાય... જેમાં નીતિન દવે, મુંજાલ રાવલ, કિરીટ ઠક્કર, પ્રેમલ દવે, ઋષિકેશ ભટ્ટ, નિહાર મંકોડી વિ. એ ટોચના કલાકારોની ઓળખ મેળવી છે. ગાંધીનગર, અમદાવાદમાં યોજાતી સ્પર્ધાઓ તેમજ યુનિવર્સિટી, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ સ્પર્ધાઓનાં નિર્ણાયક તરીકે વર્ષોથી બાપુ પ્રશંસનીય સેવાઓ આપે છે.



પહેલેથી જ 'સ્વ' ને આગળ કર્યા વિના 'સર્વ' ને સાથે રાખી પ્રવૃત્તિ કરવામાં માનનારા હરેશ બાપુ ગાંધીનગરમાં તમામ કલાકારો એ કલા સંસ્થાઓ સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયા અને ગાંધીનગરના કલા પ્રવૃત્તિઓનાં રથને આગળ ધપાવવા એક સફળ સારથી પણ બની રહ્યાં. નિજાનંદ માટે જ પોતાની કલા, આવડત અને પોતાના પાસે જે કંઈ છે તે વહેંચવાનો જાણે કે ભેખ લીધો હોય તેમ હરેશ બાપુ ગાંધીનગરના કલાકારો તેમજ કલાસંસ્થાઓ માટે હિતચિંતક અને આધારસ્તંભ બની રહ્યાં છે.

કલાસંસ્કૃતિક ક્ષેત્રે પ્રવૃત્ત શહેરની જાણીતી સંસ્થાઓ કલ્ચરલ ફૉરમ, શિવરંજની, કલાગુર્જરી વિ. ની પ્રવૃત્તિઓમાં હરેશ બાપુ આગળ પડતો ભાગ ભજવે છે. અભિનય, નૃત્યક્ષેત્રે કાર્ય કરતી કુંતલ નિમાવત સ્થાપિત સંસ્થા 'બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી'ના માનદ્ અધ્યક્ષ પદે પણ હરેશ બાપુ બિરાજે છે. રાસ-ગરબાના માહિર હરેશ બાપુ ક્રિકેટ અને ટેબલ ટૅનિસના પણ અચ્છા ખેલાડી છે. સચિવાલય જીમખાનાની પ્રવૃત્તિઓમાં પણ હરેશ બાપુ અગ્રેસર રહે છે.

હરેશ બાપુને નવરાત્રીમાં દાંડીયા વીંઝતા, રાસે રમતાં, ત્રણ તાલીનાં રાસડા અને ગરબી કરતાં જોવાએ લ્હાવો છે. ૨૦૧૦ની જ વાત છે. 'સૂરમધુર' સંસ્થાના ઉદેપુર યોજાયેલ કાર્યક્રમમાં એક ખેલૈયાની ઘટ પડતાં મેનેજર તરીકે ગયેલા હરેશ બાપુએ તાત્કાલિક પારંપારિક ગામડી પહેરવેશમાં છત્રી સાથે હુડા રાસની એન્ટ્રી કરીને એકઝીટ સુધી રાસ રમીને સ્ટેજ ગજાવી મુક્યું હતું એટલું જ નહીં બીજા દિવસે ઉદેપુરના તમામ અખબારોમાં બાપુ ચમક્યા હતા... સલામ છે આ ખુમારીને.

શાંત, સૌમ્ય, નિખાલસ, એવા હરેશ બાપુના પત્ની બીનાબહેન તથા જમણાં અને ડાબા રતન સમા પુત્ર જય અને પુત્રી ગ્રીષ્મા (પૂજા) ના પુરેપુરા સહકારથી જ બાપુ કલા પ્રવૃત્તિઓને સમર્પિત થઈ શક્યાં છે. લોક સંસ્કૃતિને જીવંત રાખનાર કલાકાર અને રખેવાળ, ઉમદા પથદર્શક અને કલાજીવ એવા હરેશ બાપુની સેવાઓ સાંસ્કૃતિક ક્ષેત્રને અવિરત પ્રાપ્ત થયા જ કરે તેવી માતાજીને અંતરની પ્રાર્થના.